પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા
વિધ્યા સહાયક યોજના
તાલિમિ સ્નાતકની ભરતી બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
તારીખઃ-૧૨-૨-૨૦૦૪

સંદર્ભ :-

૧. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૨. શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
૩. શિક્ષણ વિભાગનો તા. ૨૧-૬-૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૪. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
૫. શિક્ષણ વિભાગનો તા. ૧-૮-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૬. શિક્ષણ વિભાગનો તા. ૧-૧૦-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-ઇએમ-૪૪૨-ક
૭. નામદાર વડી અદાલતનો તા ૨૦-૬-૨૦૦૦ નો ચૂકાદો ખા.દિ.અ. ક્રમાંક ૪૦૦૫-૮૭
૮. નામદાર વડી અદાલતનો તા ૩-૧૨-૨૦૦૩ નો ચૂકાદો ખા.દિ.અ. ક્રમાંક ૮૦૭૫-૦૧ તથા અન્ય પીટીશનો

ઠ રા વ

સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. સંદર્ભ (૭) માં જણાવેલ ચૂકાદાને આધિન વિધ્યાસહાયક યોજનાના સંદર્ભ (૪) માં જણાવેલ ઠરાવથી ગ્રેજયુએટ-બીએડ. તાલીમી સ્નાતકની જોગવાઇ નાબૂદ કરવામાં આવી હતી. ત્યાર બાદ પ્રાથમિક શાળાઓમાં પૂરતા પ્રમાણમાં વિધ્યાસહાયકો ઉપલબ્ધ થાય તે હેતુથી તાલિમિ સ્નાતકને વિધ્યાસહાયક તરીકે નિમણૂક આપવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી અને તે અન્વયે સરકાર ધ્વારા નામદાર વડી અદાલતની ખાસ દિવાની અરજી ક્રમાંક ૮૦૭૫-૦૧ માં યોગ્ય રીતે રજૂઆત કરી હતી. સદર દિવાની અરજીના તા ૩-૧૨-૨૦૦૩ ચૂકાદાને આધારે સરકાર પુખ્ત વિચારણાને અંતે ધોરણ ૬ અને ૭ માં વિધ્યાસહાયકની ભરતી માટે નીચે મુજબની લાયકાત અને નિયમો ઠરાવે છે.

(૧) તાલિમિ સ્નાતક
(૨) તાલિમિ સ્નાતક માટે નીચે જણાવ્યા મુજબના ધોરણોની જોગવાઇ કરવામાં આવે છે.
   (ક) સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણના ૪૦ ટકા
   (ખ) તાલિમિ સ્નાતકમાં મેળવેલ ગુણના ૬૦ ટકા
(૩) ભરતી થયેલ તાલિમિ સ્નાતકે પ્રાથમિક શાળાના ધોરણ ૬ અને ૭ માં તેમજ વખતો વખત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સૂચના આપે તે પ્રમાણે ધોરણ ૧ થી ૫ માં પણ શિક્ષણ આપવાનું રહેશે.
(૪) ઉપર મુજબ તાલિમિ સ્નાતકની નિમણૂક થયેથી પીટીસી પાસ નિમણૂક પામેલ પ્રાથમિક શિક્ષક/વિધ્યાસહાયક ને ધોરણ ૬ થી ૭ માં શિક્ષણ આપવાની બાબતને બાધ આવશે નહિ.
(૫) ભરતી થયેલ તાલિમિ સ્નાતકને યોગ્ય તાલિમ આપવા માટે NCTE ની સૂચનાઓ મુજબ જરુરી બ્રીજ તાલિમ કોર્ષ અંગેની કાર્યવાહી પ્રાથમિક શિક્ષણ નિયામક ધ્વારા નિર્ધારિત કરવામાં આવશે.
(૬) ઉપર્યુકત ઠરાવના અમલ માટેની વિગતવાર નિયમો-સૂચનાઓ પ્રાથમિક શિક્ષણ નિયામક ધ્વારા પરિપત્રિત કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બચુભાઇ નાયી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

ઉલટાવો ⟹ ૨...

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, શિક્ષણ,શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અંને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર.
    - તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
    - તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી.
    - તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
    - સર્વે શાશનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગરપંચાયત.

    (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગની સર્વે શાખા
- સીલેકટ ફાઇલ.